**Gujarat Common Admission Services (GCAS)**
Education Department, Government of Gujarat

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭માં પ્રવેશની કાર્યવાહી GCAS મારફત કરવા માટે યુનિવર્સિટી/કૉલેજો દ્વારા પોર્ટલ પર આપવાના/અદ્યતન કરવાના થતા ડેટા માટેની માર્ગદર્શિકા

**(Updated on dated 02.02.2026)**

## અનુક્રમણિકા


પ્રસ્તાવના: ........ 2

સૂચનો: ........ 2

કોલેજ–સંસ્થા–ભવનના ડેટાના વેરીફીકેશનનો પ્રોસેસ ફ્લો: ........ 3

ફોર્મ – ૧: College Master ........ 5

- Basic Details: ........ 5
- Staff Details: ........ 10
- Co-curricular and Extra-curricular Activities: ........ 11
- Ranking Details: ........ 12

ફોર્મ – ૨: College Program Mapping ........ 14

- Basic Details: ........ 15

ફોર્મ – ૩: College Infrastructure Info ........ 20

- Basic Details: ........ 20
- Divyang Facility: ........ 22

ફોર્મ – ૪: College Admission Intake Details ........ 25

- Intake Details: ........ 25

ફોર્મ – ૫: College Subject Teacher Mapping ........ 31

ફોર્મ – ૬: College Bank Details ........ 33

ફોર્મ – ૭: College Final Submission ........ 34

**પ્રસ્તાવના:**

- શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫માં કૉલેજો–યુનિવર્સિટીઓ પાસેથી તેમની વિગતો ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ પર દર્શાવવા માટે મંગાવવામાં આવી હતી. પરંતુ, પ્રવેશની કાર્યવાહી દરમ્યાન સેલને વિવિધ–કૉલેજો–યુનિવર્સિટી ભવનો દ્વારા તેમની વિગતો સુધારવા માટે અનેક રજૂઆતો મળેલ હતી. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિત અને અધિકૃત માહિતી સરળ રીતે ઓનલાઈન ઉપલબ્ધ થઇ શકે માટે સરકારશ્રી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં પ્રવેશની કાર્યવાહી શરૂ કરતા પહેલા કૉલેજો–યુનિવર્સિટીઓને તેમના દ્વારા ઓફર કરવામાં આવતા વિવિધ પ્રોગ્રામ્સ–કોર્સીસની અદ્યતન માહિતી આપવા માટે GCAS પોર્ટલ પર ફોર્મ્સ તૈયાર કરવામાં આવેલ હતા, જે મુજબ યુનિવર્સિટી ભવનો–કોલેજો દ્વારા તેમની માહિતી ભરીને તેને સંલગ્નક યુનિવર્સિટી મારફત સત્યાપિત કરાવી નજીકની સરકારી કોલેજ ખાતે તેમની ફાઈલ જમા કરાવી હતી. જેના આધારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ની પ્રવેશ પ્રક્રિયા થઇ હતી.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ની પ્રવેશ પ્રક્રિયા GCAS પોર્ટલ મારફત શરૂ કરતા પહેલા યુનિવર્સિટી–કોલેજો દ્વારા આપવામાં આવેલ સદર માહિતીમાં જો કોઈ સુધારો થયેલ હોય તો તે અદ્યતન કરવા, નવી કોલેજ, પ્રોગ્રામ, કોર્સ કે અન્ય વિગત ઉમેરવા તથા ગત વર્ષે યુનિવર્સિટી–કોલેજો તરફથી મળેલ સૂચનોને આધારે નવી વિગતો દર્શાવવા માટે આ ફોર્મ્સ અદ્યતન કરવામાં આવેલ છે.
- આ ફોર્મ્સમાં આપેલ ફિલ્ડ્સમાં માહિતી ભરવામાં ઉપયોગી થઇ શકે તે માટે ફિલ્ડ્સ મુજબ આપવાની થતી માહિતી અને ધ્યાનમાં રાખવાની બાબતો માટે આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

**સૂચનો:**

- કોલેજ–સંસ્થા–ભવને https://gcasadmin2627.gujgov.edu.in પર તેમને અગાઉ ફાળવવામાં આવેલ લોગ–ઈન આઈ.ડી. અને પાસવર્ડનો ઉપયોગ કરી આ ફોર્મ્સ ભરવાના રહેશે.
- આ પોર્ટલના ફિલ્ડ્સમાં માંગવામાં આવેલ તમામ વિગતો અંગ્રેજી કેપિટલ લેટર્સમાં અને આંકડાઓ માત્ર અંગ્રેજીમાં જ ભરવા. કોલેજ–ભવન–સંસ્થાનું નામ તથા તેની સ્પોન્સરિંગ બોડી/મેનેજમેન્ટ/ટ્રસ્ટનું નામ જ્યાં ગુજરાતીમાં માંગવામાં આવ્યું છે ત્યાં ગુજરાતી યુનિકોડ ફોન્ટ (જેમ કે, શ્રુતિ)માં ભરવું.
- જે વિગતો આ ફોર્મમાં પહેલેથી દર્શાવવામાં આવેલ છે તેને ધ્યાનથી ચેક કરી જરૂર જણાયે સુધારો કરવો અને જેમાં કોઈ સુધારો થઇ શકે તેમ નથી તેમાં જો કોલેજ–સંસ્થા–ભવન દ્વારા કોઈ સુધારાની જરૂરિયાત જણાય તો તેઓએ નીચે દર્શાવેલ GCAS હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવો.
- GCAS પોર્ટલ પર કોઈ તકનીકી મુશ્કેલી માટે કૉલેજો/યુનિવર્સિટીઓ GCAS હેલ્પ લાઈન નંબર +91–79–22880080 પર કામકાજના દિવસોમાં સવારે ૧૧.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ કલાક સુધી સંપર્ક કરવો.
- કોલેજ–સંસ્થા–ભવન દ્વારા પૂરી પાડવામાં આવેલ વિગતો GCAS પોર્ટલ પર દર્શાવવામાં આવશે. આથી આપની યુનિવર્સિટી–કોલેજ સંલગ્ન તમામ માહિતીની સંપૂર્ણ ખરી કરીને યોગ્ય અને સાચી જ માહિતી દર્શાવવી. આપે આપેલ માહિતીની ખરાઈ માટે GCAS પોર્ટલ જવાબદાર નથી અને કોઈ ખોટી

દર્શાવેલ માહિતીને કારણે ઉદ્‌ભવતા તમામ પ્રશ્નોની જવાબદારી સંબધિત કોલેજ–સંસ્થા–ભવન તથા તેને સંલગ્નક યુનિવર્સિટીની રહેશે જેની ખાસ નોંધ લેશો.

**કોલેજ–સંસ્થા–ભવનના ડેટાના વેરીફીકેશનનો પ્રોસેસ ફ્લો:**

- કોલેજ–સંસ્થા–ભવન દ્વારા GCAS પોર્ટલ પર ભરવાના થતા ફોર્મ્સ અને ઓનલાઈન ડેટા એન્ટ્રી કર્યા બાદ કરવાની થતી કાર્યવાહી નીચે મુજબ છે:

STEP - 1: કોલેજ–સંસ્થા–ભવને તેમને ફાળવેલ લોગ–ઈન આઈ.ડી. અને પાસવર્ડ દ્વારા GCAS પોર્ટલ પર લોગ–ઈન કરવું.

STEP - 2: કોલેજ–સંસ્થા–ભવનના ડેશબોર્ડ પર DATA COLLECTION MASTER પર ક્લિક કરી નીચે મુજબના ફોર્મ્સ ભરવા/માહિતી સુધારી અદ્યતન કરવા.




ફોર્મ – ૧: COLLEGE MASTER
ફોર્મ – ૨: COLLEGE PROGRAM MAPPING
ફોર્મ – ૩: COLLEGE INFRASTRUCTURE INFO
ફોર્મ – ૪: COLLEGE ADMISSION INTAKE DETAILS
ફોર્મ – ૫: COLLEGE SUBJECT TEACHER MAPPING
ફોર્મ – ૬: COLLEGE BANK DETIALS
ફોર્મ – ૭: COLLEGE FINAL SUBMISSION


STEP - 3: કોલેજ–સંસ્થા–ભવન દ્વારા ઉપરોક્ત ૦૭ (સાત) ફોર્મ્સ સબમિટ કર્યા બાદ તેની જાણ સંલગ્નક યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ સૂચના મુજબ કરવી. સંલગ્નક યુનિવર્સિટીની સૂચના મુજબ કોલેજ–સંસ્થા–ભવને માહિતી યુનિવર્સિટીને પહોંચાડીને સદર માહિતી વેરીફાઈ કરાવવાની રહેશે.

STEP - 4: યુનિવર્સિટી પાસે કોલેજ–સંસ્થા–ભવન દ્વારા ઓનલાઈન ફોર્મ્સમાં આપવામાં આવેલ અને યુનિવર્સિટીને લાગુ પડતી વિગતોની ચકાસણી કરાવવી અનિવાર્ય છે. યુનિવર્સિટીને જો કોઈ માહિતી સુધારવાની જરૂરિયાત જણાય તો યુનિવર્સિટી દ્વારા Remarks સાથે "Send Back for Edit" કરવામાં આવશે, જે કોલેજ–ભવન–સંસ્થાના લોગ–ઈનમાં જોવા મળશે. કોલેજ–ભવન–સંસ્થાએ તે મુજબ જરૂરી સુધારા કરીને વિગતો પુન: સબમિટ કરવાની રહેશે. પુન: સબમિટ કરેલ વિગતો યુનિવર્સિટી પાસેથી વેરીફાઈ કરાવવાની રહેશે.

**ખાસ નોંધ:** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ની પ્રવેશ પ્રક્રિયામાં કોલેજ દ્વારા અદ્યતન કરવામાં આવેલ માહિતી માત્ર તેને સંલગ્ન યુનિવર્સિટી દ્વારા જ વેરીફાઈ કરવવાની રહેશે. ગત વર્ષની જેમ નજીકની સરકારી કોલેજ ખાતે તે વિગતો જમા કરાવવાની રહેતી નથી જેની ખાસ નોંધ લેવી. ઉપરોક્ત STEP – 3 થી STEP – 4માં દર્શાવેલ કોઈ પણ તબક્કે કોલેજ–સંસ્થા–ભવન દ્વારા ઓનલાઈન સબમિટ કરેલ ફાઈલને ક્ષતિપૂર્તતા માટે યુનિવર્સિટી દ્વારા પરત કરવાના કિસ્સામાં કોલેજ–સંસ્થા–ભવને તે ફાઈલમાં ક્ષતિપૂર્તતા કરી ફરીથી STEP – 4થી કાર્યવાહી કરવાની રહેશે.

## ફોર્મ – ૧: College Master

- Basic Details:



**કોલેજ–સંસ્થા–ભવને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં તેમની જે વિગતો ભરી હશે તે વિગતો અહીં પ્રિ–ફિલ્ડ (Pre-filled) જોવા મળશે. તેમણે માત્ર તેમની વિગતો જરૂરિયાત મુજબ સુધારવાની રહેશે. તેમણે પુન: તમામ વિગતો ફરીથી ભરવાની નથી જેની ખાસ નોંધ લેવી.** સદર વર્ષે આ પેજમાં જે નવા ફિલ્ડ્સ ઉમેરવામાં આવેલ છે તે આ ગાઈડલાઈન્સમાં હાઈલાઈટ કરવામાં આવેલ છે તેને ખાસ ચેક કરવા અને તે મુજબ વિગત ભરવાની રહેશે.


- University: કોલેજ–સંસ્થા–ભવન જે યુનિવર્સિટી સાથે સંલગ્ન હશે તે યુનિવર્સિટીનું નામ અહીં દર્શાવવામાં આવશે. જો આ નામમાં કોઈ સુધારો હોય તો કોલેજ–ભવન–સંસ્થાએ GCAS હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરવો.
- College Name: યુનિવર્સિટી દ્વારા કોલેજ–ભવન–સંસ્થાને જે નામ સાથે માન્યતા આપવામાં આવી હોય તે નામ અહીં દર્શાવવામાં આવશે. જો આ નામમાં કોઈ સુધારો હોય તો કોલેજ–ભવન–સંસ્થાએ GCAS હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરવો.
- College Name in Gujarati: યુનિવર્સિટી દ્વારા કોલેજ–ભવન–સંસ્થાને જે નામ સાથે માન્યતા આપવામાં આવી હોય તે નામ ગુજરાતીમાં અહીં દર્શાવવું. કોલેજ–ભવન–સંસ્થા દ્વારા દર્શાવવામાં આવેલ નામ GCAS પોર્ટલ પર દર્શાવવામાં આવશે.
- Sponsoring Body/Trust/Management: કોલેજ–ભવન–સંસ્થા જે ટ્રસ્ટ/સંસ્થા દ્વારા સંચાલિત હોય કે જે ટ્રસ્ટ/સંસ્થા દ્વારા અનુદાન મળતું હોય તે ટ્રસ્ટ/સંસ્થાનું નામ અહીં Sponsoring Bodyમાં દર્શાવવું. નામ ટ્રસ્ટ/સંસ્થાના લેટર પેડ મુજબ તથા યુનિવર્સિટી દ્વારા જે સંસ્થા ટ્રસ્ટ/ને જે નામ સાથે માન્યતા પ્રાપ્ત હોય તે પ્રમાણે જ દર્શાવવું.
  - સરકારી કોલેજના કિસ્સામાં અહીં "Commissionerate of Higher Education, Education Department, Government of Gujarat"એમ દર્શાવવું.

- બિન–સરકારી અનુદાનિત/સ્વ–નિર્ભર કોલેજના કિસ્સામાં જે મંડળ/સંસ્થા દ્વારા કોલેજનું સંચાલન કરવામાં આવતું હોય તેનું નામ દર્શાવવું.
- યુનિવર્સિટી ભવન/ફેકલ્ટી/કન્સ્ટીટ્યુઅન્ટ કોલેજના કિસ્સામાં સંલગ્ન યુનિવર્સિટીનું નામ દર્શાવવું.


- Sponsoring Body/Trust/Management Name in Gujarati: કોલેજ–ભવન–સંસ્થા જે ટ્રસ્ટ/સંસ્થા દ્વારા સંચાલિત હોય કે જે ટ્રસ્ટ/સંસ્થા દ્વારા અનુદાન મળતું હોય તે ટ્રસ્ટ/સંસ્થાનું નામ અહીં Sponsoring Bodyમાં દર્શાવવું. નામ ટ્રસ્ટ/સંસ્થાના લેટર પેડ મુજબ તથા યુનિવર્સિટી દ્વારા જે ટ્રસ્ટ/સંસ્થાને જે નામ સાથે માન્યતા પ્રાપ્ત હોય તે પ્રમાણે જ દર્શાવવું.
  - સરકારી કોલેજના કિસ્સામાં અહીં "ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર"એમ દર્શાવવું.
  - બિન–સરકારી અનુદાનિત/સ્વ–નિર્ભર કોલેજના કિસ્સામાં જે મંડળ/સંસ્થા દ્વારા કોલેજનું સંચાલન કરવામાં આવતું હોય તેનું નામ દર્શાવવું.
  - યુનિવર્સિટી ભવન/ફેકલ્ટી/કન્સ્ટીટ્યુઅન્ટ કોલેજના કિસ્સામાં સંલગ્ન યુનિવર્સિટીનું નામ દર્શાવવું.
- Establishment Year: કોલેજ–ભવન–સંસ્થાની સ્થાપના જે વર્ષમાં થઇ હોય તે વર્ષ અહીં દર્શાવવું.
- College Address: કોલેજ–ભવન–સંસ્થાનું સંપૂર્ણ એડ્રેસ દર્શાવવું, જેથી વિદ્યાર્થીઓને કોલેજ–ભવન–સંસ્થા સુધી પહોંચવામાં કોઈ મુશ્કેલી ન થાય.
- City/Village/Place: કોલેજ–ભવન–સંસ્થા જે શહેર/ગામ/સ્થળે હોય તે અહીં દર્શાવવું.
- District: કોલેજ–ભવન–સંસ્થા જે જિલ્લામાં હોય તે જિલ્લાનું નામ અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવું.
- Taluka: કોલેજ–ભવન–સંસ્થા જે તાલુકામાં હોય તે જિલ્લાનું નામ અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવું.
- Pin Code: કોલેજ–ભવન–સંસ્થા જે શહેર/ગામ/સ્થળે હોય તેનો પીન કોડ અહીં દર્શાવવો.
- Latitude & Longitude: કોલેજ–ભવન–સંસ્થા જે સ્થળ પર હોય તેનું ગુગલ મેપમાં દર્શાવવામાં અક્ષાંશ અને રેખાંશ બિંદુ અહીં દર્શાવવા.
  - ગુગલ મેપમાંથી કોલેજ–ભવન–સંસ્થાના અક્ષાંશ અને રેખાંશ બિંદુ મેળવવા માટે નીચે મુજબ કાર્યવાહી કરવી.
    - સૌ પ્રથમ આપના કમ્પ્યૂટરના વેબ બ્રાઉઝરમાં જઈને www.maps.google.com સાઇટ ઓપન કરવી.



- ત્યારબાદ તેમાં દર્શાવેલ એડ્રેસ બોક્ષ પર ક્લિક કરીને ત્યાં કોલેજ–ભવન–સંસ્થાનું એડ્રેસ દાખલ કરી એન્ટર બટન ક્લિક કરવું.




- ગુગલ મેપ પર લાલ કલરની નિશાની ( ) વાળા બટન પર માઉસ લઈ જઈને ત્યાં રાઈટ ક્લિક કરવાથી એક મેનુ ઓપન થશે. આ મેનુની પ્રથમ લાઈનમાં __.______, __.______ ફોરમેટમાં નંબર્સ જોવા મળશે, જે કોલેજ–ભવન–સંસ્થાના અનુક્રમે Latitude & Longitude દર્શાવે છે. જેમાંથી પ્રથમ નંબર Latitude વાળા બોક્ષમાં અને અલ્પવિરામ પછીનો બીજો નંબર Longitude વાળા બોક્ષમાં દર્શાવવો.





- College Location Type: કોલેજ–ભવન–સંસ્થા ગ્રામ્ય વિસ્તારમાં છે કે શહેરી વિસ્તારમાં તે અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવું.
- AISHE College Code: કોલેજ–ભવન–સંસ્થાનો AISHE College Code U/C/S-_ _ _ _ _ ફોર્મેટ મુજબ દર્શાવવો.
- University College Code: કોલેજ–ભવન–સંસ્થાને તેમની સંલગ્નક યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં આવેલ યુનિવર્સિટી કોલેજ કોડ અહીં દર્શાવવો. જો કોલેજ કોડની વિગત ઉપલબ્ધ/જાણ ન હોય તો સંલગ્નક યુનિવર્સિટીનો સંપર્ક કરીને મેળવવી. જો યુનિવર્સિટી દ્વારા કોઈ કોલેજ કોડ આપવામાં ન આવેલ હોય તો "0" (શૂન્ય) દર્શાવવું.
  ખાસ નોંધ: GTU સંલગ્ન કોલેજોના કિસ્સામાં પ્રોગ્રામ મુજબ એક જ કોલેજ પાસે એકથી વધુ કોલેજ કોડ હોવાના કિસ્સામાં સદર કોલેજ–ભવન–સંસ્થાઓએ સંલગ્નક યુનિવર્સિટીનો સંપર્ક કરી તેમની સૂચના મુજબ કોલેજ કોડ અહીં દર્શાવવો.
- Website: કોલેજ–ભવન–સંસ્થાની વેબસાઈટ/વેબ પોર્ટલ કે વેબપેજની લિંક અહીં દર્શાવવી જેથી વિદ્યાર્થીઓને કોલેજ–ભવન–સંસ્થાની તમામ વિગતો સરળ રીતે ઉપલબ્ધ થઈ શકે. વેબસાઈટ ના હોવાના કિસ્સામાં NO દર્શાવવું.
- Is Autonomous?: જો કોલેજ–ભવન–સંસ્થાને ઓટોનોમસ સ્ટેટસ મળ્યું હોય તો અહીં હા, અન્યથા ના દર્શાવવું. જો ઓટોનોમસ કોલેજમાં હા દર્શાવવાના કિસ્સામાં નીચે મુજબનાં ત્રણ વધારના ફિલ્ડ્સ ખૂલશે, જેની માહિતી આપવાની રહેશે.

- Letter No. of UGC Approval: યુજીસી તરફથી કોલેજને ઓટોનોમસ સ્ટેટસ આપવામાં માટે જે પત્ર કરવામાં આવેલ હોય તે પત્ર ક્રમાંક અહીં દર્શાવવો.
- UGC Approved Date: યુજીસી તરફથી કોલેજને જે તારીખથી ઓટોનોમસ સ્ટેટસ આપવામાં આવ્યું હોય તે તારીખ દર્શાવવી. કોઈ ચોક્કસ તારીખથી ઓટોનોમસ સ્ટેટસ ન આપ્યું હોય તો ઓટોનોમસ સ્ટેટસ માટેના યુજીસીના પત્ર ક્રમાંકની તારીખ જ અહીં દર્શાવવી.
- Autonomous approval until date: યુજીસી તરફથી કોલેજને જે તારીખ સુધી ઓટોનોમસ સ્ટેટસ આપવામાં આવ્યું હોય તે તારીખ દર્શાવવી. કોઈ ચોક્કસ તારીખ સુધીનું ઓટોનોમસ સ્ટેટસ ન આપ્યું હોય પરંતુ ૫ કે ૧૦ વર્ષ માટે ઓટોનોમસ સ્ટેટસ આપ્યું હોય તે કિસ્સામાં યુજીસીના પત્ર ક્રમાંકની તારીખથી તે મુજબનાં વર્ષની ગણતરી કરીને તારીખ અહીં દર્શાવવી.

- Affiliation Type: કોલેજ–ભવન–સંસ્થાને યુનિવર્સિટી દ્વારા કાયમી (Permanent) માન્યતા આપવામાં આવી છે કે કામચલાઉ (Temporary) તે અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવું.
- College Name Search Keyword 1(to 4): ઉપરોક્ત College Name ફિલ્ડમાં યુનિવર્સિટી દ્વારા કોલેજ–ભવન–સંસ્થાને જે નામ સાથે માન્યતા આપવામાં આવી હોય તે નામ સિવાયના વિદ્યાર્થીઓ/જનતા દ્વારા જે નામથી કોલેજ–ભવન–સંસ્થા જાણીતી હોય તે નામ અહીં આપેલ ચાર ફીલ્ડ્સમાં દર્શાવવા. (જેમ કે, માણેકલાલ નાનચંદ કોલેજ, વિસનગર વિદ્યાર્થીઓ/જનતામાં M. N. College, M N College, MN College કે સરકારી કોલેજ, વિસનગર એમ પણ ઓળખાતી હોય તો તેમ દર્શાવવું)
- Help Center From Time: અહીં હેલ્પ સેન્ટર શરુ થવાનો સમય પસંદ કરવાનો રહેશે. કોલેજ–ભવન–સંસ્થા દ્વારા અહીં દર્શાવેલ સમય મુજબ તેમણે હેલ્પ સેન્ટર કાર્યરત રાખવાના રહેશે. કોલેજ–ભવન–સંસ્થા દ્વારા દર્શાવેલ સમય GCAS પોર્ટલ પર દર્શાવવામાં આવશે.
- Help Center To Time: હેલ્પ સેન્ટર બંધ થવાનો સમય શરૂઆતના સમય પછી પાંચ કલાકની ગણતરી કરી આપોઆપ આવી જશે. કોલેજ–ભવન–સંસ્થા દ્વારા અહીં દર્શાવેલ સમય મુજબ તેમણે હેલ્પ સેન્ટર સેન્ટર કાર્યરત રાખવાના રહેશે. કોલેજ–ભવન–સંસ્થા દ્વારા દર્શાવેલ સમય GCAS પોર્ટલ પર દર્શાવવામાં આવશે.
- College Logo: અહીં ફોર્મમાં આપેલી સૂચનાઓને ધ્યાનમાં રાખી કોલેજનો લોગો અપલોડ કરી શકાશે. આ ફિલ્ડ ભરવું ફરજીયાત નથી. જે કૉલેજ–ભવન–સંસ્થા પાસે લોગો ન હોય તો તેમણે તે અપલોડ કરવાની જરૂર નથી.
- College Introductory Video Link: અહીં કૉલેજ–ભવન–સંસ્થા પોતાનો કોઈ વિડીઓ આપવા માંગતી હોય તો તેની લિંક આપવાની રહેશે. વિડીઓ માટેની ગાઈડલાઈન્સ માટે આ

ફિલ્ડ નીચે View Guidelines બટન દર્શાવેલ છે જેના પર ક્લિક કરવાથી વિડીઓ માટેની ગાઈડલાઈન્સ જોવા મળશે જે મુજબ વિડીઓ બનાવી તેની લિંક આપવાની રહેશે.

- Staff Details:




  - Is Librarian Appointed: કોલેજ–ભવન–સંસ્થામાં ગ્રંથપાલની નિમણૂક થયેલ હોય તો હા, અન્યથા ના દર્શાવવું.
  - Is PTI Appointed: કોલેજ–ભવન–સંસ્થામાં Physical Training Instructor (PTI)ની નિમણૂક થયેલ હોય તો હા, અન્યથા ના દર્શાવવું.
  - Non-Teaching Administrative Staff: કોલેજ–ભવન–સંસ્થામાં નિમણૂક થયેલ તમામ બિન–શૈક્ષણિક વહીવટી કર્મચારીઓની સંખ્યા અહીં દર્શાવવી.
  - Non-Teaching Others: કોલેજ–ભવન–સંસ્થામાં ગ્રંથપાલ, PTI અને Non-Teaching Administrative Staff સિવાય નિમણૂક થયેલ તમામ બિન–શૈક્ષણિક કર્મચારીઓની સંખ્યા અહીં દર્શાવવી.
  - College Principal Type: કોલેજ–ભવન–સંસ્થામાં Regular આચાર્ય છે કે Incharge તે અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવું.
  - Principal’s Name Prefix: કોલેજ–ભવન–સંસ્થાના આચાર્યશ્રીના નામ આગળ દર્શાવતું ઉપસર્ગ જેમ કે, Dr., Prof., Mr., Ms., Mrs., Shree, અને Smt. માંથી લાગુ પડતું ઉપસર્ગ અહીં ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરવું.
  - Principal’s Name: કોલેજ–ભવન–સંસ્થાના આચાર્યશ્રીનું નામ અહીં કેપિટલ અક્ષરમાં અંગ્રેજી ભાષામાં દર્શાવવું.
  - Principal’s Middle Name: કોલેજ–ભવન–સંસ્થાના આચાર્યશ્રીનું મધ્ય નામ (પિતા/પતિશ્રીનું નામ) અહીં કેપિટલ અક્ષરમાં અંગ્રેજી ભાષામાં દર્શાવવું.
  - Principal’s Surname: કોલેજ–ભવન–સંસ્થાના આચાર્યશ્રીની અટક અહીં કેપિટલ અક્ષરમાં અંગ્રેજી ભાષામાં દર્શાવવી.

- College Helpline STD Code: કોલેજ–ભવન–સંસ્થાના હેલ્પલાઈન નંબરનો એસટીડી (STD) કોડ અહીં અંગ્રેજી ભાષામાં દર્શાવવો. જો લેન્ડલાઈન નંબર ન હોય તો અહીં “091” એમ કન્ટ્રી કોડ દર્શાવવો. કોલેજ–ભવન–સંસ્થા દ્વારા જે નંબર અહીં દર્શાવવામાં આવશે તે GCAS પોર્ટલ પર દર્શાવવામાં આવશે.
- College Helpline Number: કોલેજ–ભવન–સંસ્થાના હેલ્પલાઈનનો નંબર અંગ્રેજી ભાષામાં દર્શાવવો. જો લેન્ડલાઈન નંબર ન હોય તો કોલેજ–ભવન–સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવેલ મોબાઈલ નંબર પણ અહીં દર્શાવી શકાશે. કોલેજ–ભવન–સંસ્થા દ્વારા જે નંબર અહીં દર્શાવવામાં આવશે તે GCAS પોર્ટલ પર દર્શાવવામાં આવશે.
- Principal’s Mobile Number: કોલેજ–ભવન–સંસ્થાના આચાર્યશ્રીનો મોબાઈલ નંબર અંગ્રેજી ભાષામાં દર્શાવવો. આચાર્યશ્રીનો મોબાઈલ નંબર માત્ર GCAS સેલની માહિતી માટે લેવામાં આવે છે, જેની નોંધ લેવા વિનંતી.
- Principal’s E-mail ID: કોલેજ–ભવન–સંસ્થાના આચાર્યશ્રી ઓફિસિયલ/કોલેજ–સંસ્થા–ભવનનું ઈ–મેલ આઈ.ડી. અહીં કેપિટલ અક્ષરમાં અંગ્રેજી ભાષામાં દર્શાવવું.


- Co-curricular and Extra-curricular Activities:

**Co-curricular and Extra-curricular Activities**

| NCC | NSS | Sports |
|---|---|---|
| (●) Yes ( ) No | (●) Yes ( ) No | (●) Yes ( ) No |
| **Placement Cell** | **SSIP Cell** | **SCOPE** |
| (●) Yes ( ) No | (●) Yes ( ) No | ( ) Yes (●) No |
| **Innovation Club** | **Saptadhara** | **UDISHA** |
| (●) Yes ( ) No | (●) Yes ( ) No | (●) Yes ( ) No |
| **Anti-ragging Cell** | | |
| (●) Yes ( ) No | | |

- આપની કોલેજ–ભવન–સંસ્થા દ્વારા NCC, NSS, Sports, Placement Cell, SSIP Cell, SCOPE, Innovation Club, Saptdhara, UDISHA, Anti-ragging Cell જેવી સહ–અભ્યાસીય અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ/સેલ માંથી જે પ્રવૃત્તિ/સેલની સુવિધા હોય તે પ્રવૃત્તિ/સેલ સામે હા અથવા ના સિલેક્ટ કરો.

- Ranking Details:



Ranking Details


| | | |
|---|---|---|
| Applied For NAAC ? | NAAC Grade * | NAAC Valid Till Date * |
| ◉ Yes ○ No | --Please Select-- | DD-MM-YYYY |
| Applied For NIRF ? | NIRF Rank * | NIRF Year * |
| ◉ Yes ○ No | --Please Select-- | 0 |
| Applied For GSIRF ? | GSIRF Stars* | GSIRF Date * |
| ◉ Yes ○ No | 0 | 5/12/2024 |

- Is NAAC Applied: કોલેજ–ભવન–સંસ્થાનું NAAC એક્રેડીએશન હાલમાં માન્ય હોય તો હા, અન્યથા ના પસંદ કરવું. જો કોલેજ–ભવન–સંસ્થા દ્વારા હા પસંદ કરવામાં આવશે નીચે મુજબનાં બે ફિલ્ડ્સ ઓપન થશે.
  - NAAC Grade: કોલેજ–ભવન–સંસ્થાએ NAAC એક્રેડીએશનની છેલ્લી સાયકલમાં મેળવેલ Grade અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવો.
  - NAAC Date: કોલેજ–ભવન–સંસ્થાએ NAAC એક્રેડીએશનની છેલ્લી સાયકલમાં મેળવેલ Grade ના પ્રમાણપત્ર પર દર્શાવેલ તારીખ અહીં દર્શાવવી.
- Is NIRF Applied: કોલેજ–ભવન–સંસ્થા દ્વારા NIRF રેન્કીંગની છેલ્લી સાયકલમાં ભાગ લેવામાં આવ્યો હોય તો હા, અન્યથા ના પસંદ કરવું. જો કોલેજ–ભવન–સંસ્થા દ્વારા હા પસંદ કરવામાં આવશે નીચે મુજબનાં બે ફિલ્ડ્સ ઓપન થશે.
  - NIRF Rank: કોલેજ–ભવન–સંસ્થાએ NIRF રેન્કીંગની છેલ્લી જે સાયકલમાં ભાગ લીધો હોય તેમાં મેળવેલ રેન્ક અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવો. જો કોલેજ–ભવન–સંસ્થાએ NIRF રેન્કીંગની સાયકલમાં ભાગ લીધો હોય પરંતુ તેને રેન્ક ના મળ્યો હોય તો અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી Applied but No Rank પસંદ કરવું.
  - NIRF Year: કોલેજ–ભવન–સંસ્થાએ NIRF રેન્કીંગની છેલ્લી સાયકલમાં જે વર્ષમાં ભાગ લીધો હોય તે વર્ષ અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવો.
- Is GSIRF Applied: કોલેજ–ભવન–સંસ્થા દ્વારા GSIRF રેન્કીંગની છેલ્લી સાયકલમાં ભાગ લેવામાં આવ્યો હોય તો હા, અન્યથા ના પસંદ કરવું. જો કોલેજ–ભવન–સંસ્થા દ્વારા હા પસંદ કરવામાં આવશે નીચે મુજબનાં બે ફિલ્ડ્સ ઓપન થશે.
  - GSIRF Stars: કોલેજ–ભવન–સંસ્થાએ GSIRF રેન્કીંગની છેલ્લી જે સાયકલમાં ભાગ લીધો હોય તેમાં મેળવેલ સ્ટાર્સ અહીં આપેલ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવા.


- GSIRF Date: કોલેજ–ભવન–સંસ્થાએ GSIRF રેન્કીંગની છેલ્લી સાયકલમાં ભાગ લીધાના પ્રમાણપત્રમાં જે તારીખ દર્શાવી હોય તે તારીખ અહીં દર્શાવવી.

**કોલેજ–સંસ્થા–ભવન દ્વારા ફોર્મ – ૧: College Masterમાં તેમની તમામ વિગતો અદ્યતન કર્યા બાદ નીચે આપેલ UPDATE બટન પર ક્લિક કરીને તેમની વિગતો સેવ કરવાની રહેશે. સદર વિગતો સેવ કર્યા બાદ આગામી ફોર્મ, ફોર્મ – ૨: College Program Mappingમાં વિગતો અદ્યતન કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે.**


- સૌ પ્રથમ તમારા ડેશબોર્ડ પર ડાબી બાજુના મેનુમાં Data Collection સબ–મેનુમાં College Program Mapping પર ક્લિક કરો.




- અહીં તમને હાલ બ્લેન્ક (ખાલી) ફોર્મ જોવા મળશે. કોલેજ–ભવન–સંસ્થા દ્વારા ભરવામાં આવેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬નો ડેટા જોવા માટે નવા લોડ થયેલ પેજ પર જમણી બાજુએ આપેલ View Details બટન પર ક્લિક કરો.




- ત્યાર બાદ એક નવું પેજ લોડ થશે જ્યાં યુનિવર્સિટીનું નામ અને કોલેજ–સંસ્થા–ભવનનું નામ પહેલેથી જ પ્રિ–ફિલ્ડ (Pre-filled) આવશે. જેની નીચે આપેલ Search બટન પર કિલક કરવાથી કોલેજ–ભવન–સંસ્થા દ્વારા ભરવામાં આવેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬નો ડેટા દર્શાવશે.




- અહીં Search બટનની નીચે લોડ થયેલ ટેબલમાં તમે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં જેટલા પ્રોગ્રામ્સ દર્શાવેલ હશે તેટલી રો (Rows) દેખાશે. આ ટેબલમાં લોડ થયેલ દરેક રો (Rows)ની આઠમી કોલમમાં Edit બટન આપેલ છે. તેના પર કિલક કરવાથી કોલેજ–ભવન–સંસ્થા દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં દર્શાવેલ વિગતો College Program Mapping વાળા પેજ પર દર્શાવવામાં આવશે.



10 entries per page

Search:

| Sr No. | College Name | Admission Name | Faculty Name | Admission Types | Intake | Min Eligibility Name | Edit | Delete |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | test | B.S. (BCA) | Computer Application | Under Graduate (Regular) | 252 | 10+2 (Equivalent) | | |
| 2 | test | BACHELOR OF COMMERCE (HONORS) | Commerce | Under Graduate (Regular) | 106 | 10+2 (Equivalent) | | |
| 3 | test | MASTER OF ARTS | Arts | Post Graduate (Regular, including PG Diploma) | 210 | UG | | |
| 4 | test | MASTER OF SCIENCE | Science | Post Graduate (Regular, including PG Diploma) | 287 | UG | | |
| 5 | test | MASTER OF SCIENCE (ARTIFICIAL INTELLIGENCE) | Computer Science | Post Graduate (Regular, including PG Diploma) | 42 | UG | | |
| 6 | test | MASTER OF SCIENCE (BIG DATA ANALYTICS) | Computer Science | Post Graduate (Regular, including PG Diploma) | 46 | UG | | |
| 7 | test | MASTER OF SCIENCE (BIOCHEMISTRY) | Science | Post Graduate (Regular, including PG Diploma) | 40 | UG | | |
| 8 | test | MASTER OF SCIENCE (BIOTECHNOLOGY) | Science | Post Graduate (Regular, including PG Diploma) | 42 | UG | | |
| 9 | test | B.S. (BBA) | Business Administration | Under Graduate (Regular) | 188 | 10+2 (Equivalent) | | |
| 10 | test | BACHELOR OF ARTS (HONORS) | Arts | Under Graduate (Regular) | 777 | 10+2 (Equivalent) | | |

Showing 1 to 10 of 12 entries

1 2

- કોલેજ–ભવન–સંસ્થાએ ઉપરોક્ત પ્રક્રિયા તેમણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં દર્શાવેલ તમામ પ્રોગ્રામ્સ માટે અનુસરવાની રહેશે. વધુમાં, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭માં કોઈ નવો પ્રોગ્રામ ઉમેરવાનો થાય તો કોલેજ–ભવન–સંસ્થા નવું બ્લેન્ક (ખાલી) ફોર્મ લોડ કરીને તેમાં વિગતો ભરીને સબમિટ કરી શકાશે.


## ફોર્મ – ૨: College Program Mapping

કોલેજ–ભવન–સંસ્થા દ્વારા Under Graduate, Post Graduate, ધોરણ–૧૨ પછીના ડીપ્લોમા પ્રોગ્રામ્સ/કોર્સિસ અને સ્નાતક અને અનુસ્નાતક કક્ષા પછીના ડીપ્લોમા પ્રોગ્રામ્સ/કોર્સિસ એમ જેટલા પ્રોગ્રામ્સ/કોર્સિસ ચાલતા હોય તે દરેક પ્રોગ્રામ માટે એક વાર પ્રોગ્રામ દીઠ માહિતી સબમિટ કર્યા બાદ ફરીથી એ જ ફોર્મમાં માહિતી ભરવી. દરેક પ્રોગ્રામ માટે અલગ–અલગ ફોર્મ ભરવું અનિવાર્ય છે.

જો કોઈ કોલેજ–ભવન–સંસ્થા દ્વારા કોઈ પ્રોગ્રામ્સ સવાર પાળી અને બપોર પાળી એમ બે શિફ્ટમાં ચાલતો હોય તો બંને શિફ્ટ માટે અલગથી ફોર્મ ભરવાનું રહેશે અને તે મુજબ તેમાં ઓફર કરવામાં આવતા મુખ્ય

વિષયોવાળું પેજ પણ ફોર્મ – ૪: College Admission Intake Detialsમાં દર્શાવવાનું રહેશે, જેની ખાસ નોંધ લેશો.

- Basic Details:




- University: કોલેજ–સંસ્થા–ભવન જે યુનિવર્સિટી સાથે સંલગ્ન હશે તે યુનિવર્સિટીનું નામ અહીં દર્શાવવામાં આવશે. જો આ નામમાં કોઈ સુધારો હોય તો કોલેજ–ભવન–સંસ્થાએ GCAS હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરવો.
- College Name: યુનિવર્સિટી દ્વારા કોલેજ–ભવન–સંસ્થાને જે નામ સાથે માન્યતા આપવામાં આવી હોય તે નામ અહીં દર્શાવવામાં આવશે. જો આ નામમાં કોઈ સુધારો હોય તો કોલેજ–ભવન–સંસ્થાએ GCAS હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરવો.
- Type of Program: કોલેજ–ભવન–સંસ્થા દ્વારા Under Graduate, Post Graduate અને Doctor of Philosophy એમ જેટલા પ્રોગ્રામ્સ ચાલતા હોય તે દરેક માટે અહીં ડ્રોપ ડાઉન બોક્ષમાંથી એક–એક પસંદ કરીને અલગ–અલગ ફોર્મ ભરવાનું થશે.
- Minimum Eligibility: કોલેજ–ભવન–સંસ્થા દ્વારા Type of Programમાં પસંદ કરેલ પ્રોગ્રામ મુજબ આ પ્રોગ્રામમાં જો કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો થતો હોય તો તે વિદ્યાર્થીની

ન્યુનતમ શૈક્ષણિક લાયકાત (જેમ કે, ધોરણ–૧૦ પાસ માટે '10', ધોરણ–૧૨ પાસ માટે '10+2' વગેરે) અહીં ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવી.

- Programme Discipline: કોલેજ–ભવન–સંસ્થા દ્વારા Type of Programમાં પસંદ કરેલ પ્રોગ્રામ માટે અહીં ડ્રોપ ડાઉન બોક્ષમાં દર્શાવેલ Arts, Fine Arts, Performing Arts, Home Science, Social Welfare, Medicine, Rural Studies, Commerce, Science, Law, Education, Management, Pharmacy, CA & IT, Physical Education માંથી જે વિદ્યાશાખા/ડીસીપ્લીન લાગુ પડતી હોય તે ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવી.
- Institute Type for Program: કોલેજ–ભવન–સંસ્થા દ્વારા Type of Programમાં પસંદ કરેલ પ્રોગ્રામ માટે અહીં ડ્રોપ ડાઉન બોક્ષમાં દર્શાવેલ College, University Department, Study Centre, P G Centre, Autonomous-SFI, Constituent, Self Finance Autonomous, Grant-In -Aid Autonomous માંથી જે લાગુ થાય તે ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવું.
- Program Name: કોલેજ–ભવન–સંસ્થા દ્વારા Type of Programમાં પસંદ કરેલ પ્રોગ્રામ–કોર્સ માટે અહીં ડ્રોપ ડાઉન બોક્ષમાંથી લાગુ પડતા પ્રોગ્રામનું નામ પસંદ કરવું.
- No. of Sanctioned Division: કોલેજ–ભવન–સંસ્થા દ્વારા Type of Programમાં પસંદ કરેલ પ્રોગ્રામ અને Program Name મુજબ સંલગ્ન યુનિવર્સિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ ડીવીઝનની કુલ સંખ્યા અહીં ડ્રોપ ડાઉન બોક્ષમાંથી પસંદ કરવી.
- Total Intake: કોલેજ–ભવન–સંસ્થા દ્વારા Type of Programમાં પસંદ કરેલ પ્રોગ્રામ અને Program Name મુજબ સંલગ્ન યુનિવર્સિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ ડીવીઝનની કુલ સંખ્યા અને એક ડીવીઝનમાં મંજૂર થયેલ વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે કુલ ઇન્ટેકની સંખ્યા અહીં દર્શાવવી.

  **ખાસ નોંધ: જે કોલેજ–ભવન–સંસ્થાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં કુલ ઇન્ટેકમાં વધારો મેળવેલ હોય તો તે વધારા સાથેની ઇન્ટેક અહીં જોવા મળતી હોય તેમ બનશે. આથી કોલેજ–ભવન–સંસ્થાએ આ ફિલ્ડ ખાસ ચેક કરીને તે સુધારવું.**

  **અહીં કુલ ઇન્ટેક ફિલ્ડમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યામાં સુપરન્યુમરરી (Supernumerary) સંખ્યા જેમ કે, EWS, NSS, NCC, સ્પોર્ટ્સ ક્વોટા, વગેરે ઉમેરવી નહિ.**
- Additional Intake Approved: સંલગ્ન યુનિવર્સિટી દ્વારા કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫માં જો કોઈ વધારાની ઇન્ટેક સંખ્યા મંજૂર કરવામાં આવી હોય તો વધારાની ઇન્ટેકની સંખ્યા અહીં ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરવી.


  **ખાસ નોંધ: જે કોલેજ–ભવન–સંસ્થાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં કુલ ઇન્ટેકમાં વધારો મેળવેલ હોય તે વધારાની ઇન્ટેકની વિગત અહીં આ ફિલ્ડમાં સુધારીને દર્શાવવું.**
- Admission Co-ordinator's Name Prefix: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં પ્રવેશની કામગીરી સાથે સંકળાયેલ કો–ઓર્ડીનેટરશ્રીના નામ આગળ દર્શાવતું ઉપસર્ગ જેમ કે, Dr., Prof., Mr., Ms., Mrs., Shree, અને Smt. માંથી લાગુ પડતું ઉપસર્ગ અહીં ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરવું.

- Admission Co-ordinator's Name: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં પ્રવેશની કામગીરી સાથે સંકળાયેલ કો–ઓર્ડીનેટરશ્રીનું નામ અહીં કેપિટલ અક્ષરમાં અંગ્રેજી ભાષામાં દર્શાવવું.
- Admission Co-ordinator's Middle Name: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં પ્રવેશની કામગીરી સાથે સંકળાયેલ કો–ઓર્ડીનેટરશ્રીનું મધ્ય નામ (પિતા/પતિશ્રીનું નામ) અહીં કેપિટલ અક્ષરમાં અંગ્રેજી ભાષામાં દર્શાવવું.
- Admission Co-ordinator's Surname: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં પ્રવેશની કામગીરી સાથે સંકળાયેલ કો–ઓર્ડીનેટરશ્રીની અટક અહીં કેપિટલ અક્ષરમાં અંગ્રેજી ભાષામાં દર્શાવવી.
- Admission Co-ordinator's Mobile Number: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં પ્રવેશની કામગીરી સાથે સંકળાયેલ કો–ઓર્ડીનેટરશ્રીનો મોબાઈલ નંબર અંગ્રેજી ભાષામાં દર્શાવવો.
- Admission Co-ordinator's E-mail ID: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં પ્રવેશની કામગીરી સાથે સંકળાયેલ કો–ઓર્ડીનેટરશ્રીનું ઈ–મેલ આઈ.ડી. અહીં કેપિટલ અક્ષરમાં અંગ્રેજી ભાષામાં દર્શાવવું.
- Statutory Body by Which Recognised: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામને જે વૈધાનિક સંસ્થા જેમ કે, UGC, AICTE, BCI, NCTE, INC, IPC, SERB, અને PCI માંથી જેના દ્વારા માન્યતા પ્રાપ્ત થઈ હોય તે અહીં ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરવું.
- Programme Duration Semesters: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામ જેટલા સેમેસ્ટર/સત્રનો હોય તે અહીં ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરવું.
- Programme Education Mode: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામ Boys-Only, Co-Education કે Girls-Only છે તે અહીં ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરવું.
- Programme Shift: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામના અભ્યાસ માટેનો કોલેજ–ભવન–સંસ્થાનો પ્રોગ્રામ માટેનો શિફ્ટ Evening, Morning, કે Noon સમય અહીં ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરવું.
- Programme Shift From: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામના અભ્યાસ માટેનો કોલેજ–ભવન–સંસ્થાનો સમય કેટલા વાગ્યે શરુ થાય છે તે આ ફિલ્ડમાં આપેલ ઘડિયાળ મુજબ કલાક અને મિનિટ પસંદ કરવું.

- Programme Shift To: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામના અભ્યાસ માટેનો કોલેજ–ભવન–સંસ્થાનો સમય કેટલા વાગ્યા સુધી છે તે અહીં ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરવું.
- Whether Scholarship available/applicable: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે કે કેમ? તે અહીં ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરવું.
- Whether conducting Entrance Test?: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં વિદ્યાર્થીને પ્રવેશ ફાળવતા પહેલા જો પ્રવેશ પરીક્ષાનું આયોજન કરતાં હોય તો અહીં આપેલ બોક્ષમાં ટીક કરવું.
- Whether Counselling/GDPI conducted?: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં વિદ્યાર્થીને પ્રવેશ ફાળવતા પહેલા જો કાઉન્સેલિંગ/ગ્રુપ ડિસ્કશન–પર્સનલ ઈન્ટરવ્યુનું આયોજન કરતાં હોય તો અહીં આપેલ બોક્ષમાં ટીક કરવું.
- Is Programme Eligible for Dual Admission?: કોલેજ–ભવન–સંસ્થાના Type of Programમાં દર્શાવેલ પ્રોગ્રામ અને Program Nameમાં દર્શાવેલ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી જે આ પ્રોગ્રામ સાથે અન્ય કોઈ પૂર્ણ સમયના કે ખંડ સમયના પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માટે લાયક હોય તો અહીં આપેલ બોક્ષમાં ટીક કરવું.
- Intake of Management Quota: કોલેજ–ભવન–સંસ્થાને સદર પ્રોગ્રામ્સમાં જો કોઈ મેનેજમેન્ટ ક્વોટામાં ઈન્ટેક ફાળવવામાં આવેલ હોય તે વિગત અહીં દર્શાવવી. જો કોઈ કોલેજ–ભવન–સંસ્થા પાસે આ વિગત ઉપલબ્ધ/જાણ ન હોય તો સંલગ્નક યુનિવર્સિટીનો સંપર્ક કરીને મેળવવી. જો યુનિવર્સિટી દ્વારા સદર પ્રોગ્રામમાં મેનેજમેન્ટ ક્વોટામાં કોઈ ઈન્ટેક ફાળવવામાં આવેલ ન હોય તો અહીં "૦" (શૂન્ય) દર્શાવવું.
